Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

ધનની રક્ષા માટે તિજોરી છે. તેમ
આત્મગુણોની રક્ષા માટે વ્રત-નિયમ
પચ્ચકખાણ આવશ્યક છે.

*


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૬ | ફાગણ | આત્મ સંવત ૯૪ |
| | માર્ચ | વીર સંવત ૨૫૧૪ |
| અંક : ૫ | ૧૯૮૯ | વિક્રમ સંવત ૨૦૪૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | હે પરમાત્મા | — | ૬૯ |
| (૨) | શ્રી હેમચન્દ્રાચાર્યની સાહિત્ય સાધના | લે. કુમારપાળ દેસાઇ | ૭૦ |
| (૩) | નયચક્રનો પરિચય | સંકલન : હિરાલાલ બી. શાહ | ૭૫ |
| (૪) | દ્વાદસારં નયચક્રમ્ | ,, હિરાલાલ બી. શાહ | ૭૯ |
| (૫) | સત્સંગ | કુ. પ્રફુલ્લાબેન આર. વોરા | ૮૨ |
| (૬) | ભાવધર્મની પ્રાપ્તિ | પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી | ૮૪ |
| (૭) | સમાચાર | સંજય એસ. ઠાર | ટા.પે. ૩ |



## માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૩મો જન્મજયંતી મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૫ના ચૈત્ર શુદી ૨ ને શુક્રવાર તા. ૧-૪-૮૯ના રોજ આ સભા તરફથી ઉજવવાનો હોવાથી શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવશે. નીચેના સદ્‌ગૃહસ્થો તરફથી ગુરુભક્તિ તેમજ સ્વામીભક્તિ કરવામાં આવશે.

૧ શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઇ

૨ શેઠશ્રી કપુરચંદ હરીચંદ (માચીસવાળા) તથા તેમના ધર્મપત્ની અ. સૌ. અનોપબેન.

૩ શેઠશ્રી વૃજલાલ ભીખાભાઈ.

૪ શેઠશ્રી નાનચંદ તારાચંદ સપરિવાર.

૫ શેઠશ્રી બાબુલાલ પરમાનંદદાસ સપરિવાર.

તા. ૭-૪-૮૯ને શુક્રવારના રોજ પાલીતાણા પધારવા વિનંતી છે.

લી. શ્રી જૈન આત્માનંદ સભા

તા. ક. : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઈ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની એક ગેસ્ટની ફી રૂા. ૧૫-૦૦ લેવાનું નક્કી કરેલ છે.

## સ્વર્ગવાસ નોંધ

શ્રી સૌભાગ્યચંદ જીવણલાલ દોશી સં. ૨૦૪૫ના મહા વદ ૧૧ શનિવાર તા. ૪-૩-૮૯ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતાં. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્દ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] * વિ. સં. ૨૦૪૫ ફાગણ-માર્ચ-૮૯ * અંક : [૫



## હે પરમાત્મા,

જેમ હું ધન આપવાની બાબતમાં ઉદાર બની શકું છું.
તેમ સમય આપવામાં, ક્ષમા આપવામા પ્રેમ આપવામાંયે
ઉદાર બની શકું

—એવી મને હૃદયની મોટપ આપો.

મારા કરતા બીજા વધારે સારૂં કામ કરે.
ત્યારે હું તેની પ્રશંસા કરી શકું.
મને ન ગમતા લોકોમાં પણ, સારી બાબતો જોઈ શકું.
મારા વિચારોનો વિરોધ કરતા લોકો પણ મારા મિત્રો હોઈ
શકે તેવું માની શકું.

—એવી મને હૃદયની મોટપ આપો.

કોઈ ખોટું કામ કર્યું હોય,
કે બીજાઓને ખોટી રીતે નારાજ કર્યા હોય.
તો ખુલ્લા મનથી દિલગીરી પ્રગટ કરી શકું.
ગુસ્સાથી કે ગેરસમજથી સંબંધ વિચ્છેદાયો હોય ત્યારે,
સામે ચાલીને એ સરખો કરવાની પહેલ કરી શકું.

—એવી મને હૃદયની મોટપ આપો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હેમચન્દ્રાચાર્યની સાહિત્ય સાધના

લેખક : શ્રી કુમારપાળ દેસાઈ

(ગતાંક પાના નં. ૬૦ નું ચાલુ )

આ રીતે ધર્મોપ્રદેશના પ્રયોજનથી ગ્રંથની રચના હેમચન્દ્રાચાર્યે કરી છે. ઉત્તરાવસ્થામાં આવો વિરાટ ગ્રંથ રચવો તે કોઇ સામાન્ય બાબત નથી. ધાર્મિક દૃષ્ટિએ આમાંથી જૈનધર્મ, તત્ત્વજ્ઞાન અને પ્રણાલીનો પરિચય પ્રાપ્ત થાય છે. તો ઐતિહાસિક દૃષ્ટિએ પણ દસમા પર્વના બે વિભાગો અત્યંત ઉપયોગી છે. છંદ, અલંકાર અથવા કાવ્યશાસ્ત્ર કે શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ આ મહાકાવ્ય અભ્યાસીઓને મબલક સામગ્રી પૂરી પાડે છે. કવિના મુખેથી કાવ્યપંક્તિઓ છંદોબદ્ધ વાણીમાં કેટલી સરળ અને પ્રવાહી રીતે વહેતી હશે તેની પ્રતીતિ આ મહાકાવ્ય કરાવે છે. શ્રી મધુસુદન મોદી નોંધે છે. "હેમચંદ્રાચાર્યનું કલિકાલસર્વજ્ઞનું બિરુદ આ એકલો ગ્રંથ પણ સિદ્ધ કરી શકે એવો એ વિશાળ, ગંભીર, સર્વદર્શી છે." ૨૩

'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર'ની રચના કર્યા પછી હેમચંદ્રાચાર્યે તેર સર્ગમાં 'પરિશિષ્ટ પર્વ'ની રચના કરી. આ ગ્રંથમાં એમણે પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથોનો આધાર લઇ આમાંની ઘણી માહિતી એકત્રિત કરી લીધી છે. આમાં ભગવાન મહાવીરના નિર્વાણ પછીના સુધર્મસ્વામી, જંબુસ્વામી, ભદ્રબાહુસ્વામી, વજ્રસ્વામી વગેરે જૈન પરંપરાના સાધુઓનો વૃત્તાંત બીજી અનેક નાનીમોટી કથાઓ સાથે વર્ણવવામાં આવ્યો છે. શ્રેણિક, સંપ્રતિ, ચંદ્રગુપ્ત, અશોક વગેરે રાજાઓનો ઇતિહાસ એમણે તેમાં ગૂંથી લીધો છે. 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર'નાં દસ પર્વ પછી એના જ અનુસંધાનમાં એ જ શૈલીએ લખાયેલાં આ ચરિત્રોને ગ્રંથકર્તાએ 'પરિશિષ્ટપર્વ' તરીકે ઓળખાવ્યા છે. પ્રો: યાકોબી આ ગ્રંથને 'સ્થવિરાવલિ' તરીકે ઓળખાવે છે. પરંતુ સામાન્ય રીતે 'પરિશિષ્ટ પર્વ' તરીકે તે વધુ જાણીતું છે. આમાનાં કથાનકો હેમચંદ્રાચાર્યે અન્ય ગ્રંથોમાંથી લીધાં છે. પરંતુ એને કાવ્યનું માધુર્ય અને કાવ્યનું સ્વરૂપ હેમચંદ્રાચાર્યે આપ્યું છે. જંબુસ્વામીથી આરંભી વજ્રસેન સુધીના પટ્ટધરોની કથા અને આનુષંગિક ઐતિહાસિક કથાનકો પદ્યરૂપે હેમચન્દ્રાચાર્યે આપ્યા છે, જે તેમનું અસાધારણ પદ્યરચનાકૌશલ દર્શાવે છે. આમાં સમાવિષ્ટ કેટલીક લોકકથાઓ અને અમુક દૃષ્ટાંતો અત્યંત રસદાયક છે. જૈન પટ્ટધરોના ઇતિહાસની દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ છે. અનુષ્ટુપ છંદમાં કુલ ૩૪૫૦ શ્લોક આપ્યા છે. જંબુસ્વામી અને સ્થુળભદ્રનાં ચરિત્રો ધ્યાનપાત્ર છે. આમાં માત્ર આચાર્યોની નામાવલિ આપવાને બદલે એને સંબંધિત નાની-મોટી કથાઓ પણ મૂકી છે.

'પ્રમાણમીમાંસા' એ હેમચન્દ્રાચાર્યનો પ્રમાણશાસ્ત્ર વિશેનો પાંચ અધ્યાયનો ગ્રંથ છે. આમાં પ્રમાણલક્ષણ, પ્રમાણવિભાગ, પરોક્ષલક્ષણ, પરાર્થાનુમાન, હેત્વાભાસ, વાદલક્ષણો વગેરેની પારિભાષિક ચર્ચા જૈનસૂત્રસિદ્ધાંતો અને જૈનન્યાયશાસ્ત્રને લક્ષમાં રાખીને કરવામાં આવી છે. આ ગ્રંથ એમનાં સમયમાં વાદાનુશાસન તરીકે ઓળખાતો હતો. તેના પર પોતે જ ટીકા લખી. જોકે અત્યારે તો બીજા અધ્યાયના પ્રથમ આહ્નિક સુધીનો ભાગ જ પ્રાપ્ય છે. આ કૃતિ અપૂર્ણ હોવાને કારણે શ્રી હેમચન્દ્રાચાર્યની છેલ્લી કૃતિ હશે તેવું અનુમાન થઈ શકે ખરું ? લોકહિતની દૃષ્ટિએ રચાયેલા આ ગ્રંથની સંપૂર્ણ પ્રત પ્રાપ્ત થાય તો છયે દર્શનનું હેમચન્દ્રાચાર્યના જ્ઞાનનું નવનીત પામી શકાય. સિદ્ધસેન દિવાકર અને હરિભદ્રસૂરિની સત્યશોધક દૃષ્ટિ હેમચન્દ્રાચાર્યમાં હતી એની પ્રતીતિ આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથ કરાવે છે. શ્રી મધુસુદન મોદી 'વાદાનુશાસન' અને 'પ્રમાણમીમાંસા' એ બંને કૃતિઓ એક હોવાની સંભાવનાનો સંકેત કરે છે.[૨૪] સૂત્રોશૈલીએ રચાયેલા આ ગ્રંથને અક્ષપાદ ગૌતમનાં ન્યાયસૂત્રો પ્રમાણે એને આહ્નિકોમાં વહેંચી દીધો છે. પંડિત સુખલાલજીએ હેમચન્દ્રાચાર્યની 'પ્રમાણમીમાંસા'નું સમર્થ સંપાદન કર્યું છે. હેમચન્દ્રાચાર્યની 'પ્રમાણમીમાંસા'માં પુરોગામી આચાર્યો સાથે જ્યાં સંમતિ હોય ત્યાં એમનાં વચનોમાં ફેરફાર કરવાની એમની લેખન પ્રણાલી નથી. જ્યાં પુરોગામી આચાર્યોનાં વિધાનોમાં સુધારો – વધારો કર્યો છે ત્યાં એમની વેધકદૃષ્ટિનો પરિચય મળે છે. સીધી, સરળ અને સચોટ શૈલીમાં લખાયેલો 'પ્રમાણમીમાંસા' નો આ ગ્રંથ જૈન ન્યાયના અભ્યાસીઓને માટે આશીર્વાદરૂપ ગણાય. આમાં અનેકાંતવાદ તથા નયવાદનું શાસ્ત્રીય નિરૂપણ આપણું ધ્યાન ખેંચે છે. પરમતસહિષ્ણુતાની દૃષ્ટિ દર્શનજગત અને તર્કસાહિત્યને 'પ્રમાણમીમાંસા'માંથી સાંપડે છે. સંપ્રદાયની વૃદ્ધિ અર્થે લખાયેલો આ ગ્રંથ એ રીતે સંપ્રદાયાતીત બની જાય છે.

યુવાન વયમાં અજ્ઞાતવાસને કારણે કુમારપાળને અનેક સાધુઓનો સમાગમ થયો અને તેથી યોગ પર પ્રીતિ જાગી. પચાસ વર્ષની વયે ગાદી પર આવેલા કુમારપાળની યોગશાસ્ત્રની જિજ્ઞાસાને પરિતૃપ્ત કરવા માટે હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'ની રચના કરી હતી. ગ્રંથરચનાનું નિમિત્ત કુમારપાળ હોવા છતાં તેનો હેતુ તો "ભવ્યજનોને બોધ મળે"[૨૫] તેવો રાખવામાં આવ્યો અને તેથી સરળ ભાષામાં રોચક દૃષ્ટાંતો સાથે પોતે તેની વિસ્તૃત ટીકા રચી. શાસ્ત્ર, સદ્‌ગુરુની વાણી અને આત્માનુભવ-એ ત્રણ 'યોગશાસ્ત્ર'ની રચનાનાં સાધનો બન્યાં. આચાર્ય અનુભવસિદ્ધ અને શાસ્ત્રનિશ્ચિત માર્ગ જ દર્શાવે એ રીતે હેમચંદ્રાચાર્યે આ શાસ્ત્રની રચના યોગસિદ્ધાંતને વિશ્વસનીય રીતે પ્રતિપાદન કરવાની પ્રતિજ્ઞા સાથે કરી. ગૃહસ્થજીવનને ઉત્કર્ષકારક ક્રમમાંથી પસાર કરી તેને યોગમય જીવનમાં લઇ જવું તે યોગશાસ્ત્રનો હેતુ છે. હેમચંદ્રાચાર્યે તેના માર્ગદર્શનરૂપ રોચક ઉપદેશ અનેક પ્રચલિત વાર્તાઓ ગૂંથીને આપ્યો છે. ઉપદેશની વ્યાપકતા અને સર્વગમ્યતાએ આ ગ્રંથને અન્યધર્મીઓમાં પણ પ્રિય બનાવ્યો છે. આ 'યોગશાસ્ત્ર' બે ભાગમાં વિભક્ત છે. એકથી ચાર પ્રકાશના એના પ્રથમ ભાગમાં ગૃહસ્થને ઉપયોગી એવા ધર્મનો ઉપદેશ કરવામાં આવ્યો છે. બીજા ભાગમાં અર્થાત્ પાંચથી બાર પ્રકાશમાં પ્રાણાયામ આદિ યોગના વિષયોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ બાર પ્રકાશમાં ૧૦૧૩ શ્લોકો મૂકવામાં આવ્યા છે. હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્ર પર પોતે જ વૃત્તિ લખી છે. અને તેમાં એમણે મહાભારત, મનુસ્મૃતિ, ઉપનિષદો વગેરે ગ્રંથનાં અવતરણો આપ્યાં છે. પોતાના ગુરુ દેવચંદ્રસૂરિના ગ્રંથમાંથી પણ અવતરણો લીધા છે. જોકે આવો કોઇ ગ્રંથ હાલ ઉપલબ્ધ નથી. આ 'યોગશાસ્ત્ર'ને અધ્યાત્મોપનિષદ કહેવામાં આવે છે. આ 'યોગશાસ્ત્ર'માં વિવિધ દૃષ્ટાંતો સહિત યોગના વિષયનું સરળ અને રોચક નિરૂપણ મળે છે. માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો, સમ્યક્ત્વના લક્ષણો, મહાવ્રતો, અણુવ્રતો, સંસારનું સ્વરૂપ, કષાયો, બાર ભાવના, મૈત્રી વગેરે ચાર ભાવના; દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યની એકતા, સ્વપ્નો, પરકાયાપ્રવેશ જેવી સિદ્ધિઓ તથા યમ, નિયમ, પ્રાણાયામ, ધારણા, ધ્યાન આદિ વિષયોની વિશદ ચર્ચા કરવામાં આવી છે. વળી પતંજલિના 'અષ્ટાંગયોગ'નો સાધુઓનાં મહાવ્રતો તેમજ ગૃહસ્થોનાં બાર વ્રતોની સાથે સુમેળ સાધ્યો છે. આ કૃતિને અંતે કળિકાળસર્વજ્ઞ પોતાના આત્માને કેવો માર્મિક ઉપદેશ આપે છે!

**'तांस्तानापरमेश्वरादपि परान् भावैः प्रसाद्द
मयं स्तैस्तैस्तमदुपायमूढ भगवन्नात्मन् किमा-
यास्यसि । हन्तात्मानमपि प्रसादय मनाग्ये-
नासतां संपदः साम्राज्यं परमेऽपि तेजसि
तव प्राज्यं समुज्जृम्भते ॥'**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"હે ઉપાયમૂઢ, હે ભગવાન્, હે આત્મન્, પરમેશ્વરથી જુદા જુદા ભાવો માટે શા માટે શ્રમ કર્યા કરે છે? જો તું આત્માને થોડો પ્રસન્ન કરે તો સંપત્તિઓ શી વિસાતમાં છે? તારા પરમ તેજની અંદર જ વિશાળ સામ્રાજ્ય વ્યાપી રહેલું છે."[૨૬]

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચારને દર્શાવતો 'યોગશાસ્ત્ર' ગ્રંથ રાજા કુમારપાળને ખૂબ ગમી ગયો હતો. પોતાના જીવનના અંતકાળ સુધી એમણે એવો નિયમ રાખ્યાનું કહેવાય છે કે સવારે 'યોગશાસ્ત્ર' ગ્રંથનો પાઠ–સ્વાધ્યાય કર્યા પછી જ દિનચર્યાનો આરંભ કરતા.

પતંજલિના 'યોગસૂત્ર' અને હેમચન્દ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'માં વિષય, વિચાર અને આલેખનની ભિન્નતા હોવા છતાં એ બંનેનું સામ્ય તુલનાત્મક અભ્યાસનો વિષય બની રહ્યો છે.

હેમચન્દ્રાચાર્ય પાસેથી સ્તોત્ર પ્રકારની કેટલીક રચનાઓ મળે છે. કેટલાંક સ્તોત્ર ભક્તિથી આર્દ્ર છે તો કેટલાંક તર્કયુક્ત પ્રૌઢિથી લખાયેલા નારિકેલપાક સમા સ્તોત્ર છે. હેમચન્દ્રાચાર્યની સ્તોત્ર-રચનામાં લાગણીનો ઉદ્રેક જ નથી, બલ્કે ઉત્કટ લાગણી સાથે જ્ઞાનીને છાજતો સંયમ સુમિશ્રિત થયેલો છે. આમા એમની દૃઢ શ્રદ્ધા પણ પ્રતીત થાય છે. એમને એમની આ શ્રદ્ધા તત્ત્વજ્ઞાનની ઊંડી સમજ અને અધ્યાત્મ અનુભવથી રસાયેલી છે અને આથી તેઓ 'અયોગવ્યવચ્છેદિકાદ્વાત્રિંશિકા' માં કહે છે :

"હે વીર, કેવળ શ્રદ્ધાથી તારા પ્રત્યે પક્ષપાત નથી કે કેવળ દ્વેષને લીધે પરસંપ્રદાયી પ્રત્યે અરુચિ નથી; યોગ્ય રીતે આત્મતત્ત્વની પરીક્ષા કર્યા પછી જ સર્વશક્તિમાન એવા તમારો આશ્રય લીધો છે."

આમ ઊંડા મનન અને તર્કની કસોટીએ એમણે જિનદર્શનની પરીક્ષા કરી છે અને પછી જ એનો પ્રભાવ ગાયો છે. 'અયોગવ્યવચ્છેદિકાદ્વાત્રિંશિકા' અને 'અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા' નામની બે દ્વાત્રિંશિકા લખી છે તે સિદ્ધસેન દિવાકરની એવી કૃતિઓની રચનાની શૈલીએ લખી છે. ૩૨ શ્લોકની આ રચનાઓમાં બંનેમાં ૩૧ શ્લોક ઉપજાતિ છંદમાં અને છેલ્લો શ્લોક શિખરિણી છંદમાં છે. આ બંનેમાં ભગવાન મહાવીરની સ્તુતિ આપવામાં આવી છે. આનું સ્તુતિની દૃષ્ટિએ જેટલું મહત્ત્વ છે તેથી વિશેષમહત્ત્વ એમાંના કાવ્યત્વ માટે છે. આ બંને બત્રીસીઓ તત્ત્વજ્ઞાનથી ગર્ભિત છે અને તેમાં જુદા જુદા દર્શનોની ઝીણવટભરી સમીક્ષા હોવાથી બુદ્ધિવાદીઓને તે વિશેષ ગમે છે. તેનું રચના-કૌશલ અને ભાષાલાલિત્ય પણ ધ્યાન ખેંચે છે. 'અયોગવ્યવચ્છેદિકાદ્વાત્રિંશિકા'માંએમણે જૈનદર્શનની વિગતપૂર્ણ અને વિશેષતાભરી મહત્તા દર્શાવી છે. એમણે કહ્યું છે કે વીતરાગથી ચઢિયાતુ કોઈ દર્શન નથી અને અનેકાન્ત વિના બીજો કોઈ શ્રેષ્ઠ ન્યાય માર્ગ નથી. આ સ્તોત્રમાં અન્ય મતવાદીઓના શાસ્ત્રને સદોષ ઠરાવીને તેજસ્વી વાણીમાં જિન-શાસનની મહત્તા દર્શાવી છે. આ સ્તોત્રના અંતે એમની સમદર્શિતા વ્યક્ત કરે છે અને જિન-શાસન જ પ્રામાણિક હોઇને તેનું ગૌરવ દર્શાવે છે. આમાં સરળ અને મધુર શબ્દોમાં ભગવાન મહાવીર પ્રત્યેની ભક્તિ અને જિનશાસનની ગુણઆરાધના કરવામાં આવી છે.

'અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા'માં ભગવાન મહા-વીરના અતિશયો વર્ણવીને પછી ન્યાય, વૈશેષિક, મીમાંસા, વેદાન્ત, સાંખ્ય, બૌદ્ધ અને ચાર્વાક એ અન્ય દર્શનોની સમીક્ષા કર્યા પછી જૈનદર્શનના સ્યાદ્વાદની મહત્તા દર્શાવી છે. આ કૃતિ ઉપર ૧૪મી સદીમાં મલ્લિષણે 'સ્યાદ્વાદમંજરી' નામે ટીકા લખી જે આ સ્તોત્રની દાર્શનિક પ્રૌઢિને સચોટ રીતે બતાવી આપે છે. જૈનસિદ્ધાંતના અભ્યાસીઓ માટે આ 'સ્યાદ્વાદમંજરી'નું અનન્ય મહત્ત્વ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બંને દ્વાત્રિંશિકા કરતાં 'વીતરાગસ્તોત્ર'નો પ્રકાર જુદો છે. 'વીતરાગસ્તોત્ર'માં ભક્તિભાવથી ઉછળતું હૃદય પ્રગટ થાય છે. વીસ વિભાગમાં વહેંચાયેલા 'વીતરાગસ્તોત્ર'ના દરેક વિભાગને 'પ્રકાશ' એવું નામ આપવામાં આવ્યું છે અને એના વીસ પ્રકાશમાં કુલ ૧૮૮ શ્લોક છે. આમાં ક્યાંક ક્યાંક હેમચંદ્રાચાર્યની દાર્શનિક પ્રતિભા પ્રગટે છે, પણ મુખ્યત્વે તો એમાં ભક્તહૃદય જ પ્રગટ થાય છે. આ સ્તોત્રની રચના કુમારપાળ રાજા માટે કરી હતી. 'વીતરાગસ્તોત્ર' ભક્તિનું એક મધુર કાવ્ય બની ગયું છે. ભક્તિની સાથે જૈન-દર્શન પણ તેમાં અનુસ્યૂત છે. એમની સમન્વયાત્મક અને વ્યાપક દૃષ્ટિનો પરિચય પણ થાય છે. આમાં રસ, આનંદ અને આર્જવ છે. એક સ્થળે તેઓ કહે છે :

"હે નાથ, સદાય મારા નેત્રો આપના મુખના દર્શનથી પ્રાપ્ત થતા સુખની લાલસાવાળા થાય; મારા બે હાથ તમારી ઉપાસના કરનારા. અને મારા કાન સદાય તમારા ગુણને સાંભળનારા થાવ !"

કુંઠિત હોય તોય પણ, તારા ગુણને ગ્રહણ કરવા પ્રત્યે જો મારી આ વાણી ઉત્કંઠિત થાય તો તે વાણી ખરેખર શુભ હજો ! બીજા પ્રકારની વાણીનો શો ઉપયોગ છે !

હું આપનો ભૃત્ય છું.. દાસ છું; કિંકર છું; 'સારું' એમ કહીને હે નાથ, તું મારો સ્વીકાર કર ! આનાથી વધારે હું કહેતો નથી !"[૨૮]

આ આખુંય સ્તોત્ર અનુષ્ટુપ છંદમાં વહે છે અને ભક્તિનો એક મધુર અનુભવ કરાવે છે. આથી જ સ્તોત્ર સાહિત્યમાં આ હૃદયસ્પર્શી સ્તોત્ર ઊંચું સ્થાન ધરાવે છે.

જો મહાદેવ વિરક્તિવાળા હોય, વીતરાગ હોય તો તે અમારે મન જિન જ છે એવા ભાવ સાથે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું અનુષ્ટુપ અને આર્યા છંદમાં લખાયેલું ૪૪ શ્લોકનું આ સ્તોત્ર અગાઉનાં ત્રણ સ્તોત્ર જેવી પ્રૌઢિ ધરાવતું નથી. આનો છેલ્લો શ્લોક આર્યા છંદમાં લખાયેલો છે. હરિભદ્રસૂરિએ મહાદેવાષ્ટક લખ્યું હતું એ જ પ્રણાલીને અનુસરીને હેમચંદ્રાચાર્યે આ જ સ્તોત્ર લખ્યું હોય એ સંભવિત છે. મહાદેવનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તે વિવિધ લક્ષણો વડે દર્શાવ્યું છે. સિદ્ધરાજ હેમચંદ્રાચાર્ય સોમનાથના મંદિરમાં ગયા હતા ત્યારે આનો છેવટનો શ્લોક સોમનાથની પૂજા વખતે કહ્યો હતો તેમ પ્રબંધકારોનું માનવું છે. આ શ્લોક છે :

**'भव बीजाङ्कुरजनना रागाद्याः**
**क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥**

'જન્મરૂપી બીજના અંકુરને જન્મ આપનારા રાગાદિ જેના ક્ષય પામ્યા છે તે બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે જિન તેને નમસ્કાર હજો !'[૨૯]

આ ઉપરાંત ૩૫ શ્લોકનું 'સકલાર્હત્ સ્તોત્ર' મળે છે, જેમાં મુખ્યત્વે તીર્થંકરોની સ્તુતિ છે. આ બધી કૃતિઓ ઉપરાંત 'અર્હન્નામસમુચ્ચય,' 'અર્હન્નીતિ' જેવી કેટલીક સંદિગ્ધ કૃતિઓ હેમ-ચન્દ્રાચાર્યને નામે ચડેલી મળે છે તેમજ 'અને-કાર્થશેષ', 'પ્રમાણશાસ્ત્ર', 'શેષસંગ્રહનામમાલા', 'સપ્તસંધાન મહાકાવ્ય' જેવી કળિકાળસર્વજ્ઞની રચેલી ગણાતી અનુપલબ્ધ કૃતિઓ કોઇ સંશોધકની રાહ જોઇને બેઠી છે. આવે સમયે પં. બેચરદાસજીનાં આ વચનો યાદ આવે છે :

"એમણે રચેલા કેટલાક અપૂર્વ ગ્રંથો તો આજે મળતા પણ નથી એ આજના ગુજરાતીને શરમાવનારું નથી ? જે મહાપુરુષે અનેક ગ્રંથો લખી ગુજરાતની, ગુજરાતના રાજાની અને વિદ્યાની પ્રતિષ્ઠા વધારી તેમના ગ્રંથોને જતનથી જાળવી–સાચવી–સંભાળી રાખવા જેટલું પણ સામર્થ્ય આજના આ બેકદર ગુજરાતીએ ખોઈ નાખ્યું છે; એટલું જ નહિ પણ આ જૈનનામધારી–જેઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમના પાકા અનુયાયી હોવાનો ફાંકો રાખે છે તેમને પણ તેની કયાં પડી છે?''

હા, એટલું ખરું. આચાર્યને નામે બે નગારાં, બે શરણાઇઓ જૈનો જરૂર વગડાવવાના અને કોકવાર મોઢાં પણ મીઠાં કરવાનાં, પણ તેમની અક્ષરસંપત્તિ કયાં કેમ દટાઈ છે તેનો ભાવ સરખો પણ પૂછશે ખરા?''[30]

ઇ. સ. ૧૯૩૯ની ૯મી એપ્રિલ અને રવિવારે પાટણમાં યોજાયેલા હેમસારસ્વત સત્રના પ્રમુખસ્થાનેથી વકતવ્ય આપતાં શ્રી કનૈયાલાલ મુનશીએ કહ્યું હતું કે હવે ભંડારોમાં ભરેલું જ્ઞાન દુનિયાભરમાં ફરતું કરવાનું છે.[31]

કળિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યની સાહિત્યસાધના જોતાં જણાય છે કે તેઓ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના મહાન સર્જક, સંગ્રાહક અને સંયોજક હતા. એમની રચનાઓમાં એકબાજુ પોતીકી અસ્મિતા, સોલંકીયુગની ગરિમા અને સરસ્વતી પૂજકની યુયુત્સા પ્રગટ થાય છે તો બીજુ બાજુ તર્ક, વિચાર વ્યાકરણ, સાહિત્ય, દર્શન સુધીનો વ્યાપ મળે છે. કવિ, સંપાદક, કોશકાર, વ્યાકરણશાસ્ત્રી, ઇતિહાસકાર અને સમાજસુધારકથી માંડીને યોગનાં ઊંચાં શિખરો સુધી એમની દૃષ્ટિ ફેલાયેલી છે અને બધે જ એમની પ્રતિભા સમર્થપણે વિહરે છે. એમનો વિપુલ ગ્રંથભંડાર વિશાળ જ્ઞાનકોશ જ લાગે. એમની કૃતિઓ એટલી બધી છે કે કોઈ એક વ્યક્તિ આજીવન નહિ બલ્કે કેટલીયે વ્યક્તિઓ એકસાથે મળીને જીવનભર સંશોધન કરે એટલું રચનાસામર્થ્ય એમાં છે. કળિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યનું ગંભીર જ્ઞાન, ઉચ્ચ સાધુતા, સ્વ–પરશાસ્ત્રોમાં પારંગતતા, વ્યવહારકુશળતા અને રાજનૈતિક દક્ષતા દૃષ્ટિગોચર થાય છે. એમણે વિદ્વત્તા સાથેની સાધુતાની ઊંચી કિંમત અંકાવી. હેમચન્દ્રાચાર્યના શિષ્ય દેવચંદ્રના શબ્દોમાં કહીએ તો ''**विद्यांभोनिधिमंथमंदरगिरिः श्री हेमचन्द्रोगुरुः।**'' છે. વિ. સં. ૧૨૨૯માં કળિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય કાળધર્મ પામ્યા. એ અંગે 'કીર્તિકૌમુદી'નો રચયિતા સોમેશ્વર કહે છે, ''**वैदुष्य विगताश्रयं श्रितवति श्री हेमचन्द्रे दिवम्।**'' અર્થાત્ હેમસૂરિનો સ્વર્ગવાસ થતાં વિદ્વત્તા આશ્રયવિહોણી બની જાય છે. ૮૪ વર્ષની વયે કળિકાળસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે એમનું અક્ષરજીવન સંકેલી લીધું, પરંતુ એમનું વિપુલ અક્ષરજીવન જોતાં આદરપૂર્ણ આશ્ચર્ય સિવાય બીજો કોઇ ભાવ થતો નથી.

## સંદર્ભસૂચિ


૨૩. 'હેમસમીક્ષા' લે. મધુસુદન મોદી, પૃ. ૨૯૦.

૨૪. એજન પૃ. ૨૦૧.

૨૫. એજન પૃ. ૨૫૦.

૨૬. 'યોગશાસ્ત્ર' પ્રકાશ-૧૨, શ્લોક-૫૫.

૨૭. 'અયોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકા' શ્લોક-૨૬.

૨૮. ''વીતરાગસ્તવ', પ્રકાશ-૧૦, શ્લોક ૬, ૭, ૮.

૨૯. મેરુતુંગ : પ્રબંધચિંતામણિ : પ્રકાશ-૪, ૫૪-૮૫, (સિંઘી સીરીઝની આવૃત્તિ).

૩૦. 'હેમચન્દ્રાચાર્ય' લે. પં. બેચરદાસ દોશી, પૃ. ૪૩-૪૪.


૩૧. 'શ્રી હેમ સારસ્વત સત્ર' અહેવાલ અને નિબંધ સંગ્રહ, પૃ. ૪૬.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નયચક્ર ચિત્ર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 નયચક્ર ચિત્રનો પરિચય 卐

વાદિપ્રભાવક તાર્કિકશિરોમણી આચાર્યપ્રવર શ્રીમલ્લવાદિક્ષમાશ્રમણશ્રીએ જે અતિગંભીર વિશાલકાય **द्वादशारनयचक्र** નામના નયશાસ્ત્રની રચના કરી છે. તેના યથાર્થ નામનો સ્પષ્ટ ખ્યાલ આપતું આ ચિત્ર છે. રથ વગેરેના ચક્રમાં જેવા વિભાગો હોય છે તેવા વિભાગોની ગ્રંથકારે આ મહાશાસ્ત્રમાં સુંદર રીતે ગોઠવણ કરી છે.

પ્રસ્તુત ગ્રંથમાં અનુક્રમે **विधि** આદિ બાર અર, **द्वादशारान्तर** તથા **नयचक्रतुम्ब** એવા મુખ્ય વિભાગો છે.

રથના ચક્રમાં જેમ આરાઓ હોય છે તેમ નયચક્ર ગ્રંથમાં એક પછી એક અનુક્રમે **१ विधि २ विधिविधि** આદિ નયોનું નિરૂપણ કરતા તે જ નામના બાર આરાઓ છે. આ બાર નયારો પૈકી પ્રારંભના **विधि** આદિ છ નયારો દ્રવ્યાર્થિક છે અને અંતના **विधिनियमयोर्विधिनियमौ** આદિ છ નયારો પર્યાયાર્થિક નયના ભેદો છે. રથના ચક્રમાં આરાઓ ઉપર જેમ અનેક ખંડોની નેમિ હોય છે તેમ અહીં **१ विधिभङ्गचतुष्टय, २ विधिनियमोभयभङ्गचतुष्टय** તથા **३ नियमभङ्गचतुष्टय** રૂપી ત્રણ **मार्ग** અર્થાત્ ત્રણ **नेमि** છે. રથના ચક્રમાં જેમ એકબીજા આરા વચ્ચે શુષિરભાગ (પોલાણ) રૂપી અંતર હોય છે તેમ અહીં એક બીજા નયો વચ્ચે જે પરસ્પર વિચારભેદ છે તે **अरान्तर** છે. રથના ચક્રમાં જેમ બધા આરાઓને અનાબાધપણે સ્થિરરૂપે ટકી રહેવા માટેના સ્થાનભૂત નાભિ હોય છે તેમ અહીં **स्याद्वाद** રૂપી **नाभि** છે. જેમાં તમામ **विधि** આદિ નયરૂપી આરાઓ નિરાબાધપણે પ્રતિષ્ઠિત થઈ રહેલા છે. આ **स्याद्वादनाभि**નું જ નામ **नयचक्रतुम्ब** (તુંબનાભિ છે.)

ચક્રને ફરતો જેમ લોહપટ્ટ (લોઢાનો પાટો) હોય છે તેમ અહીં પણ પટ્ટરૂપે **नयचक्र** શાસ્ત્ર ઉપર દર્શનશાસ્ત્રપારંગત પરમવિદ્વાન્ આચાર્યવર **श्री सिंहसूरि** ગણિવાદિક્ષમાશ્રમણશ્રીએ રચેલી ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ અતિગંભીર અને અતિવિસ્તૃત **न्यायागमानुसारिणी नयचक्रवृत्ति** નામની વૃત્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન તપસ્વી મૂનિપ્રવર
# શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ

સંકલન : હિરાલાલ બી. શાહ

પરમ પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજના સંસારી પિતાનું નામ શ્રી ભોગીલાલ અને દાદાનું નામ શ્રી મોહનલાલ. તેમનું મૂળ વતન બહુચરાજી (ગુજરાત) પાસેનું નાનું ગામ દેથળી. પણ કુટુંબ વિશાળ હોવાના કારણે શેઠશ્રી મોહનલાલ, માંડલ ખાતે બીજી દુકાન હોવાથી ત્યાં રહેતા અને તેમનો લગ્ન સંબંધ પણ માંડલ ખાતે જ ડાહીબેન ડામરશી સાથે થયેલો. ડાહીબેનમાં ધાર્મિક સંસ્કારો ઊંચી કોટિના હતા અને તેનો વારસો શ્રી ભોગીલાલભાઈને સારી રીતે મળેલો.

શ્રી ભોગીલાલભાઈ સત્તર વર્ષની વયે માંડલ છોડી પોતાના મૂળ વતન દેથળી ગયા અને ત્યાં બે વર્ષ રહી પછી અમદાવાદ ગયા અને અમદાવાદમાં ધંધો વિકસાવ્યો, વેપારમાં સારી પ્રતિષ્ઠા જમાવી. તેમના પત્ની શ્રી મણીબાઇ પણ સદ્‌ગુણી અને ધાર્મિક વૃત્તિના હતા. સત્તાવીશમાં વર્ષે સં. ૧૯૭૮માં શ્રી ભોગીલાલભાઇને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, જે હાલ 'મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ'ના નામથી સુપ્રસિદ્ધ છે.

શ્રી ભોગીલાલભાઈમાં નાનપણથી ધાર્મિક સંસ્કારો પ્રબળ હતા. સર્વ પ્રકારની સાધન સંપન્નતા, અનુકૂળ વાતાવરણ, અન્ય પણ સુંદર સુવિધાઓ હોવા છતાં તેમનું મન સંસારમાં ચોંટયું નહીં અને વૈરાગ્ય તરફ મનનો ઝોક વળતો રહ્યો. છેવટે સાડત્રીસ વર્ષની ઉંમરે સં. ૧૯૮૮માં અમદાવાદમાં પૂ. આ.શ્રીસિદ્ધિસૂરિજી મહારાજ (દાદા)ના શિષ્ય પૂ.આ.શ્રી મેઘસૂરિજી મહારાજના વરદહસ્તે દીક્ષા લીધી અને મુનિશ્રી ભુવનવિજયજી મહારાજ નામથી પ્રસિદ્ધ થયા. સંયમી જીવનમાં નિરતિચારપણે ચારિત્ર પાલન કરતાં કર્મગ્રંથો અને આગમ સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો અને અલ્પ સમયમાં જ "શાસ્ત્રજ્ઞાતા" તરીકે નામના મેળવી વિવિધ દર્શનો સબંધી પણ તેઓશ્રીનું જ્ઞાન સૌને આકર્ષી લેતું.

સં. ૧૯૯૩માં પંદર વર્ષની ઉંમરે પૂ. શ્રી ભુવનવિજયજી મહારાજ પાસે તેમના એકના એક સંસારી પુત્રે પરમ ભાગવતી દીક્ષા સ્વીકારી અને તે જ મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ.

મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ તીવ્ર બુદ્ધિવાળા હોવાથી તેમને ઘડવા માટે પૂ. મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજે પૂરતો પ્રયાસ કર્યો. કમાઉ પુત્રને કયો પિતા સ્નેહથી ન નવરાવે? તેમજ તેજસ્વી શિષ્યથી કયો ગુરુ હર્ષોદ્રેક ન પામે? તેમાંય મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ તો સંસારીપણાના પુત્ર; લોહીનો સંબંધ. કુશળ શિલ્પી મનોહર મૂર્તિ બનાવવા માટે વર્ષોનો પરિશ્રમ સેવે અને પોતાની સર્વ શક્તિનો વ્યય કરે તેમ મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ માટે સ્વ. ગુરુદેવ ભુવનવિજયજી મહારાજે અહર્નિશ પ્રેમભાવે અવિરત પ્રયત્ન કર્યો અને આજે મહાન ચિંતક, દર્શન-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાર તેમજ નૈયાયિક તરીકે મુનિશ્રી જંબૂવિજયજી મહારાજનું નામ વિદ્વાનગણમાં મોખરે છે. અને ન્યાયશાસ્ત્રમાં દેશપરદેશના વિદ્વાનોનું પૂછવા ઠેકાણું બની રહ્યા છે.

આ ગુરુ–શિષ્યની જોડલીને કોઈ દુર્લભ તેમજ ઉપયોગી ગ્રંથનું સંપાદન કરવાની ઇચ્છા થઇ અને તેમણે પ્રાચીન જ્ઞાનભંડારોના ઉદ્ધારક અને અનેક ગ્રંથોના સંશોધક મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની સલાહ લીધી. મલ્લવાદીપ્રણીત 'દ્વાદશારં નયચક્રમ્'નું મૂળ તો મળતું જ નથી પણ તેની ઉપર આચાર્યશ્રી સિંહસૂરિ ક્ષમાશ્રમણે રચેલી અતિ વિસ્તૃત નયચક્રવૃત્તિ જે મળે છે તેનું સંશોધન કરવાની ખાસ આવશ્યકતા હતી. આ કાર્યપ્રતિઓની અશુદ્ધતા અને ગ્રંથોમાં આવતા અસંખ્ય સંદર્ભો શોધવાની મુશ્કેલીઓના કારણે અત્યંત કઠિન હતું એટલે મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે તેમને આ ગ્રંથનું સંશોધન–સંપાદન કરવાની ભલામણ કરી. અતિશય કઠિન હોવા છતાં તે કામ ઉપાડી લેવાની આ ગુરુ શિષ્યે તત્પરતા બતાવી અને પુણ્યવિજયજી મહારાજને પ્રતિઓ મોકલી આપવા વિનંતી કરી.

મુનિશ્રી જંબૂવિજયજીએ સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજના આશીર્વાદ અને પૂર્ણ સહકારથી આ અતિ કઠિન કાર્યનો આરંભ કર્યો, તેઓશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી વગેરે ભાષાઓનો અભ્યાસ કરી લીધેલો હતો પરંતુ આ ગ્રંથનું સંપાદન કરતી વખતે તેઓશ્રીને લાગ્યું કે સાંખ્ય, વૈશેષિક, બૌદ્ધ આદિ દર્શનોના જે જે ગ્રંથોનું નયચક્રમાં ખંડન કરેલું છે તેમાંથી મોટા ભાગનું સાહિત્ય આજે નામશેષ થઇ ગયું છે. પરંતુ મૂળ સંસ્કૃત ભાષામાં આ ગ્રંથો નષ્ટ થયા હોવા છતાં તેમાંના કેટલાકનું ભોટ (તિબેટન) ભાષામાં લગભગ એક હજાર વર્ષ પૂર્વે થયેલા અનુવાદો મળે છે; એટલે એ ગ્રંથોની જાણકારી માટે તિબેટન ભાષાનો અભ્યાસ આવશ્યક છે અને મુનિશ્રીએ તેટલા ખાતર તે અભ્યાસ કરી લીધો અને આવા ગ્રંથોના તિબેટન અનુવાદો મેળવી તે વાંચી લીધા.

આ ગ્રંથનું સંશોધન–સંપાદન સર્વાંગ સંપૂર્ણ બને તેટલા માટે મુનિરાજશ્રી જંબૂવિજયજીએ કોઇપણ પ્રયાસ બાકી રાખ્યો નથી. તિબેટન ભાષામાં અનુવાદિત સંબંધ ધરાવતા ગ્રંથો તપાસ્યા પછી પણ તેઓશ્રીએ આ બાબતના જાણકાર પરદેશી વિદ્વાનો સાથે સંપર્ક સાધ્યો. ઓસ્ટ્રિયાના ડો. ઈ. ફ્રાઉલ્નેર. ઇટાલીના ડો. દૂચી. ઇંગ્લાંડના ડો. થોમસન, યુનાઇટેડ સ્ટેટસના ડો. વોલ્ટરમાઉરટ અને ડો. જ્યોર્જ બુચ, જાપાનના ડો. છેન્શો કાનાકુરા વગેરે સાથે તેઓ પત્રવ્યવહાર સંબંધમાં છે અને અદ્યતન શોધોથી આ રીતે તેઓ પરિચિત રહે છે અને આ સર્વેનો લાભ તૈયાર કરતી વખતે આ ગ્રંથને મળ્યો છે.

મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ દર્શનશાસ્ત્રોના ઊંડા અભ્યાસી, ચિંતનકાર અને સંશોધક હોવા ઉપરાંત એક ઉચ્ચ કોટિના સાધક છે કીર્તિ કે પ્રશંસાથી હંમેશાં દૂર જ રહે છે. યોગસાધના તેમની પ્રિય પ્રવૃત્તિ છે. આટલા મહાન જ્ઞાનતપસ્વી હોવા છતાં તેઓશ્રીમાં મોટાઈ કે અભિમાનનો એક છાંટો સરખો પણ નથી. નમ્રતા અને સરળતાથી તેઓશ્રીનું જીવન હંમેશા સુવાસિત બન્યુ છે.

પરમ પૂજ્ય જ્ઞાન તપસ્વી મૂનિ પ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજને કોટી કોટી વંદનાછે....



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "દ્વાદશારં નયચક્રમ્"

શ્રી હીરાલાલ બી. શાહ

શ્રમણ શ્રેષ્ઠ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે "દ્વાદશારં નયચક્રમ્" જેવા વિલુપ્ત પ્રાયઃ થયેલ ગ્રન્થનો પોતાની અગાધ સંશોધન વૃત્તિ અને પ્રવૃત્તિના પરિણામે આ મહાન ગ્રન્થનો પુનરુદ્ધાર કરીને શ્રી જિનશાસનની અજોડ શ્રુત ભક્તિ કરી છે.

દુનિયાની અનેક ભાષાઓના જાણકાર બનીને ભારત અને ભારત બહારના અનેક જિજ્ઞાસુ વિદ્વાનો માટે એક ધ્રુવતારક તરીકે તેઓશ્રીની ગણના પંકાય છે.

## 'દ્વાદશારં નયચક્રમ્' સંશોધન ગ્રંથનો

# પરિચય

૧. મૂળ ગ્રન્થના રચયિતા વાદિમુખ્ય શ્રી મલ્લવાદીજી છે.

૨. તેના ઉપર 'નયચક્રવૃત્તિ' નામની ટીકાના રચયિતા શ્રી સિંહસૂરિગણિવાદી ક્ષમાશ્રમણ છે.

૩. આ ગ્રન્થમાં બાર અર (આરા) એટલે પ્રકરણ છે.

૪. સામાન્ય રીતે જૈનદર્શનમાં સાત નયોનું નિરૂપણ છે પણ આ ગ્રન્થમાં 'વિધિ' વગેરે બાર નયોનું નિરૂપણ છે તે આ પ્રમાણે :—

૧. વિધિ ૨. વિધિવિધિ ૩. વિધ્યુભય ૪. વિધિનિયમ ૫. ઉભય ૬. ઉભયવિધિ ૭. ઉભયોભય ૮. ઉભયનિયમ ૯. નિયમ ૧૦. નિયમવિધિ ૧૧. નિયમોભય ૧૨. નિયમનિયમ.

૫. ઉપરોક્ત બાર નયનો પ્રચલિત સાત નયમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૬. આ ગ્રન્થમાં ચર્ચાયેલા અન્ય દર્શનો નીચે મુજબ છે :—
વેદ, સાંખ્ય, ન્યાય, વૈશેષિક, મીમાંસા, અદ્વૈતવાદ બૌદ્ધ, યોગ, વગેરે

૭. આ ઉપરાંત ઉલ્લેખાયેલ અન્ય ગ્રન્થો ભર્તૃહરિકૃત વાક્યપદીય, વૈદક તેમજ વ્યાકરણ.

૮. જૈન આગમોમાંથી અનેક પાઠ આ ગ્રન્થમાં ઉદ્ધૃત કરાયેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯. સ્યાદ્‌વાદનું સ્વરૂપ સમજવા માટે આ ગ્રન્થમાં સાતમાં અર (પ્રકરણ)માં જે પારમાર્થિક સ્વરૂપ સમજાવ્યુ છે તે જોવા જેવું છે.

૧૦. આ ગ્રન્થના સંશોધન અને સંપાદન માટે નિરભિમાની જ્ઞાનતપસ્વી પૂ. મુનિશ્રી જંબૂવિજયજીએ, પૂ. પુણ્યવિજયજી તથા તેમના ગુરૂ તથા સંસારી પક્ષે પિતા પૂ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી સં. ૨૦૦૩માં શરૂ કરાએલ આ કાર્યને સર્વાંગ સંપૂર્ણ કરવા કોઇ પ્રયત્ન બાકી રાખેલ નથી. તે કાર્ય સંવત ૨૦૪૪માં પૂર્ણ થયેલ છે.

૧૧. આ ગ્રન્થના સંશોધનમાં પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબે અનેક પ્રતો એકત્રિત કરી, તપાસી, તેમાં જેનો ઉલ્લેખ થયો હોય તેવા અનેક ગ્રન્થો પ્રાપ્ત કરી તપાસ્યા, તે માટે જરૂર જણાવાથી ટીબેટન (ભોટ) ભાષાનો પણ અભ્યાસ કર્યો.

૧૨. આ સંશોધન કાર્યમાં મુનિરાજશ્રી જંબૂવજયજી મહારાજે જાણીતા પરદેશના વિદ્વાનો ડો. ઈ. ફ્રાઉવલ્નેર (ઓસ્ટ્રીયા), ડો. ટૂચી (ઇટલી), ડો. થોમસન (ઇંગ્લેન્ડ), ડો. વોલ્ટર માઉરટ વગેરેનો સંપર્ક સાધી સહકાર મેળવ્યો.

૧૩. આ અજોડ અને અમૂલ્ય ગ્રન્થના ત્રણે પુસ્તકોનું પ્રકાશન શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરે કરેલ છે. જે ત્રણે પુસ્તકોની કુલ કિંમત રૂા. ૨૪૦–૦૦ છે.

—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

સંવત ૨૦૨૨માં તા. ૩૦–૪–૬૭ના રોજ શ્રી જૈન આત્માનંદ સભાનો મણિમહોત્સવ માનનીય શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ શેઠના પ્રમુખસ્થાને યોજાયો હતો. તેની સાથે આગમ પ્રભાકર પરમપૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબની સાન્નિધ્યમાં ડો. શ્રી આદિનાથ ઉપાધ્યેના શુભહસ્તે ગ્રંથના પહેલા ભાગનું ઉદ્‌ઘાટન ભાવનગરમાં કરવામાં આવ્યું હતું, જેની અંદર ૧ થી ૪ અર છે.

આ ગ્રંથના બીજા ભાગનું ઉદ્‌ઘાટન આ સંસ્થાના ઉપક્રમે તા. ૧૦–૧–૭૭ના રોજ પાયધુનીના ગોડીજી જૈન ઉપાશ્રયમાં યુગદિવાકર પૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી આદિ મહારાજ સાહેબ તથા સાહિત્ય કલારત્ન પૂજ્ય આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભનિશ્રામાં કરવામાં આવ્યું હતું, જેની અંદર ૫ થી ૮ અર છે.

આ ગ્રંથના ત્રીજા ભાગનું ઉદ્‌ઘાટન મહામનીષી પરમ પૂજ્ય મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં સંવત ૨૦૪૪ના મહા શુદી–૮ ને તા. ૨૬–૧–૮૮ ના રોજ પાલીતાણા મુકામે કરવામાં આવ્યું હતું, જેની અંદર ૯ થી ૧૨ અર છે.

સંવત ૨૦૦૩માં આ મહાન અતિ કઠિન કાર્યનો આરંભ કર્યો તે સંવત ૨૦૪૪ની સાલમાં શ્રી શાસનદેવની કૃપાથી પૂર્ણ થયેલ છે. જે ગ્રંથના સંશોધન અને સંપાદન માટે ૪૧ વર્ષનો સમય લાગ્યો હોય તે ગ્રંથની ગહનતા અને વિરાટતાનો આપણને સહેજે ખ્યાલ આપે છે.

પરમ પૂજ્ય જ્ઞાન તપસ્વી મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજે એકતાલીસ (૪૧) વર્ષ સુધી સતત જ્ઞાનોપાસના કરીને દર્શનશાસ્ત્રનો કઠણ ગ્રંથ "શ્રી દ્વાદશારં નયચક્રમ્"નું શુદ્ધ સંશોધન કરી આપી શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરને એ કિંમતી ગ્રંથ પ્રકાશનનું ગૌરવ લેવાની કિંમતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તક આપી છે. તે સભાના સાહિત્ય પ્રકાશનના ઇતિહાસમાં એક ઉજવળ પ્રકરણ સદાને માટે અમર રહેશે. લાખો રૂપીયાના ખર્ચે પણ જે દુર્લભ એવું સંશોધન નિસ્પૃહભાવે એ જ્ઞાનોઉપાસકે કરેલ છે. પરમપૂજ્ય જ્ઞાન તપસ્વી શ્રી જંબૂવિજયજી મહારાજને આપણે આ ગ્રંથના અજોડ સંપાદક કહી શકીએ. આ સાહસ અને આવું ધૈર્ય અન્ય કોઈ જૈન સંપાદકમાં દેખાયું નથી. અને હવે બની શકે એવી શકયતા પણ દેખાતી નથી. એ દષ્ટિએ સમસ્ત ભારતનો જૈન સમાજ પ. પૂ. જ્ઞાનતપસ્વી શ્રી જંબૂવિજયજી મહારાજનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે અને તેમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. આ માટે ભારતીય જૈન સમાજ અને ભારતીય દર્શનોના અભ્યાસીઓ તેઓશ્રીના સદાને માટે ઋણી રહેશે.

આ મહાન કઠિન ગ્રંથનો સંશોધન અને સંપાદન કરીને તેઓશ્રીએ શ્રી જિનશાસનની અજોડ શ્રુત ભકિત કરેલ છે. તેથી તેઓશ્રીના સમુદાયના વડીલ ગીતાર્થ પ્રવર પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી પાલીતાણામાં બિરાજતા જૈનાચાર્યો તથા ચતુર્વિધ સંઘની હાજરીમાં સંવત ૨૦૪૫ના મહા સુદી દશમને બુધવારના સવારે ૮-૩૦ વાગે, પ. પૂ. મુનિ પ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબને, સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં શત્રુંજય ગીરીરાજ ઉપર દાદાજીના રંગમંડપમાં "દર્શન પ્રભાવક" અને "શ્રુત સ્થવિર"ની પદવીઓ સમર્પણ કરવામાં આવેલ છે. કોટી કોટી વંદના.......

"જૈનં જયતિ શાસનમ્"

---

# યાત્રા પ્રવાસ નોંધ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૫ના મહા વદ ૧૨ને રવિવાર તા. ૫-૩-૮૯ના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. સવાર-સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની ભક્તિ કરવામાં આવી હતી. શ્રી શંત્રુજય ગીરીરાજ ઉપર દાદાજીના રંગ મંડપમાં નવ્વાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી.

---

અર્થ અને કામની ચિંતા જીવને બરબાદ કરનારી છે, અને ધર્મ અને મોક્ષની વાત તારનારી છે. આ વાત સમજાશે ત્યારે જ ધર્મ શ્રેષ્ઠ છે તે વાત રૂચશે.

જિનવાણીનું શ્રવણ એટલે કુસંસ્કારોનું નિકંદન, સુસંસ્કારોનું ઉત્પાદન, દોષોની મુકવણી, ગુણોની મેળવણી.

જેનો મોક્ષ નિકટ હોય તેને સુદેવ, સુગુરુ સુધર્મ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર અને સાત ક્ષેત્રો ઉપર ખૂબ રાગ થાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્સંગ

પ્રેષક : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા [એમ.એ., એમ.એડ.]

સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે; સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગનાં એક કોટયાવધિ વર્ષ પણ લાભ ન દઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે, તેમજ આત્માને મલિન કરે છે. સત્સંગનો, સામાન્ય અર્થ એટલો કે, ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. દુર્ગંધથી કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ, તેમ કુસંગથી સહવાસ બંધ કરવાનું અવશ્યનું છે; સંસાર એ એક પ્રકારનો સંગ છે; અને તે અનંત કુસંગરૂપ તેમજ દુઃખદાયક હોવાથી ત્યાગવા યોગ્ય છે. ગમે તે જાતનો સહવાસ હોય પરંતુ જે વડે આત્મસિદ્ધિ નથી તે સત્સંગ નથી, આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે; સત્ પુરુષોનો સમાગમ એ પણ સત્સંગ છે. મલિન વસ્ત્રને જેમ સાબુ અને જલ સ્વચ્છ કરે છે તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરુષોનો સમાગમ શુદ્ધતા આપે છે. જેનાથી હંમેશનો પરિચય રહી રંગ, રાગ, ગાન, તાન અને સ્વાદિષ્ટ ભોજન સેવાતાં હોય તે તમને ગમે તેવો પ્રિય હોય તો પણ નિશ્ચય માનજો કે, તે સત્સંગ નથી પણ કુસંગ છે.

સત્સંગથી પ્રાપ્ત થયેલું એક વચન અમૂલ્ય લાભ આપે છે, તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો કર્યો છે કે, સર્વ સંગ પરિત્યાગ કરી, અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે. કેવળ એકાંત તે તો ધ્યાનમાં રહેવું કે યોગાભ્યાસમાં રહેવું તે છે, પરંતુ સમસ્વભાવીનો સમાગમ, જેમાંથી એક જ પ્રકારની વર્તનતાનો પ્રવાહ નીકળે છે તે, ભાવે એક જ રૂપ હોવાથી ઘણાં માણસો છતાં અને પરસ્પરનો સહવાસ છતાં તે એકાંતરૂપ જ છે; અને તેવી એકાંત માત્ર સંત-સમાગમમાં રહી છે. કદાપિ કોઇ એમ વિચારશે કે, વિષયીમંડળ મળે છે ત્યાં સમભાવ હોવાથી એકાંત કા ન કહેવી ? તેનું સમાધાન તત્કાળ છે કે, તેઓ એક સ્વભાવી હોતા નથી. પરસ્પર સ્વાર્થબુદ્ધિ અને માયાનું અનુસંધાન હોય છે; અને જ્યાં એ બે કારણથી સમાગમ છે તે એક-સ્વભાવી અને નિર્દોષ હોતા નથી. નિર્દોષ અને સમસ્વભાવી સમાગમ તો પરસ્પરથી શાંત મુનીશ્વરોનો છે; તેમજ ધર્મધ્યાનપ્રશસ્ત અલ્પારંભી પુરુષનો પણ કેટલેક અંશે છે. જ્યાં સ્વાર્થ અને માયા કપટ જ છે ત્યાં સમ-સ્વભાવતા નથી; અને તે સત્સંગ પણ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્સંગથી જે સુખ મળે છે, તે અતિ સ્તુતિપાત્ર છે, જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંત વિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે. કોઇ એમ કહે કે, સત્સંગમંડળમાં કોઈ માયાવી નહીં હોય ? તો તેનું સમાધાન આ છે : જ્યાં માયા અને સ્વાર્થ હોય છે ત્યાં સત્સંગ જ હોતો નથી. રાજહંસની સભાનો કાગ દેખાવે કદાપિ ન કળાય તો અવશ્ય રાગે કળાશે, મૌન રહ્યાં તો મુખમુદ્રાએ કળાશે; પણ તે અંધકારમાં જાય નહીં, તેમજ માયાવીઓ સત્સંગમાં સ્વાર્થે જઇને શું કરે ? ત્યાં પેટ ભર્યાની વાત તો હોય નહીં. બે ઘડી ત્યાં જઈ તે વિશ્રાંતિ લેતો હોય તો ભલે કે જેથી રંગ લાગે; અને રંગ લાગે નહીં તો, બીજી વાર તેનું આગમન હોય નહીં. જેમ પૃથ્વી પર તરાય નહીં, તેમ સત્સંગથી બુડાય નહીં; આવી સત્સંગમાં ચમત્કૃતિ છે. નિરંતર એવા નિર્દોષ સમાગમમાં માયા લઇને આવે પણ કોણ ? કોઈ જ દુર્ભાગી; અને તે પણ મંભવિત છે. સત્સંગ એ આત્માનું પરમ હિતૈષી ઔષધ છે.

સંકલન : શ્રીમદ્ રાજચંદ્ર-પ્રણીત "મોક્ષમાળા"માંથી સાભાર]

# સુ-વિચાર

હે આયુષ્યમાન! જતના (વિવેક)થી ચાલવું, જતનાથી ઉભા રહેવું, જતનાથી બેસવું, જતનાથી સૂવું, જતનાથી ખાવું, જતનાથી બોલવું, તો પાપ કર્મનું બંધન થતું નથી.

ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. ધર્મ એટલે અહિંસા, સંયમ અને તપ. આવો ધર્મ જેના મનમાં વસ્યો છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

જગતમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે શત્રુ હોય કે મિત્ર-સમભાવે વર્તવું એ અહિંસા છે. પ્રાણીઓને પીડા કરાવનારી સર્વ પ્રવૃત્તિઓનો જિંદગી-પર્યંત ત્યાગ કરવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવ ધર્મની પ્રાપ્તિ

પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

ધર્મના ચાર પ્રકાર છે. દાન, શીલ, તપ અને ભાવ. ભાવ વિનાના દાનાદિ ત્રણ નિષ્ફળ જાણવા.

ભાવ એ મનનો વિષય છે.

આલંબન વિના મન ચંચળ રહે છે.

મનને વશ કરવાના આલંબન અસંખ્ય છે. તેમાં નવપદ મુખ્ય છે.

ભાવ ધર્મની પ્રાપ્તિ માટે નવપદોનું આલંબન ધ્યાન મુખ્ય છે.

ધ્યાન વડે સમાપત્તિ થાય છે અને સમાપત્તિ વડે ભાવ ધર્મની પ્રાપ્તિ થાય છે.

સમાપત્તિ–ધ્યાતા. ધ્યેય અને ધ્યાનની એકતા રૂપ છે. ધ્યાતા અંતરાત્મા છે, ધ્યેય પરમાત્મા છે અને ધ્યાન એકાગ્રતા છે.

દાનાદિના સેવન વડે મલિન–ચિત્ત નિર્મળ બને છે, નિર્મળ અંતઃકરણમાં ધ્યેયની પ્રતિચ્છાયા એ ધ્યાન છે. ધ્યેયરૂપ નવપદોમાં નિર્મળ અંતઃકરણથી એકાગ્રતા અને સ્થિરતા થતા તલ્લીનતા આવે છે.

તલ્લીનતા વડે એકતા તદ્રૂપતા થવી તે ભાવ ધર્મ છે. ધ્યેયના આલંબન વડે ધ્યાતાનો સ્થિર–શુભ અધ્યવસાય તે ભાવ ધર્મ છે.

આલંબન–ધ્યાન જ્યારે પરિપકવ થઈને નિરાલંબન બને છે ત્યારે તે શુદ્ધ ઉપયોગરૂપ થાય છે. અને તે નિશ્ચયથી ભાવધર્મ છે.

ભાવધર્મ વિષય સમાપત્તિ રૂપ છે.

ભાવધર્મ આત્મ સમાપત્તિ રૂપ છે.

ભાવધર્મ સમ્યગ્દર્શનરૂપ છે.

ભાવધર્મ જ્યારે સમ્યગ્દર્શનરૂપ આંશિક આત્મ સાક્ષાત્કાર રૂપ હોય છે, ત્યારે તે નિશ્ચયથી ભાવધર્મ છે.

દેવ–ગુરૂ ધર્મની ઉપાસના તે વિષય–સમાપત્તિ રૂપ છે. જ્ઞાન–દર્શન ચારિત્રની આરાધનાતે આત્મ-સમાપત્તિરૂપ છે.

આલંબન વડે જ્ઞાનાદિ ગુણોની ઉપાસના થાય છે. ત્યાં સુધી તે વ્યવહાર ભાવધર્મ છે.

આત્મા, આત્માને વિષે આત્માને જાણે, જુએ અને માણે, ત્યારે તે નિશ્ચયથી ભાવધર્મ છે.

સમ્યગ્દર્શન વિના વ્રતાદિનું પાલન નિષ્ફળ છે, માટે સમ્યગ્દર્શન એ ભાવધર્મ છે.

આત્મજ્ઞાન વિના વૈરાગ્યાદિ નિષ્ફળ છે, માટે આત્મજ્ઞાન એ ભાવધર્મ છે.

નિર્મળ સ્નેહ પરિણામ એ ભાવધર્મનું મૂળ છે અને તેનું મૂળ આત્મદ્રવ્યનું અચિન્ત્ય મહાત્મ્ય છે.

દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના ધર્મની આરાધના વડે મુખ્યત્વે, આત્મા જ આરાધ્ય છે. એ હકીકત મુમુક્ષુ આરાધકોના લક્ષ્યમાં રહેવી જોઈએ. આત્માની સેવાનો એ મુખ્ય માર્ગ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

ભાવનગરની ધર્મપ્રેમી જનતા માટે શ્રી સંઘના પુણ્યોદયે આર્ય સંસ્કૃતિ અને જૈન ધર્મના રક્ષણ માટે પ. પૂ. આ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ૦ ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી હેમરત્ન-વિજયજી મ૦ દાદાસાહેબ ઉપાશ્રયે પધાર્યા. ત્યાં આગળ મહા વદ ૧૨-૧૪, તા. ૫ અને ૬ માર્ચને રવિ-સોમ એ દિવસ ૧૫ થી ૪૫ વર્ષની ઊંમરના યુવકો માટે શ્રી ભા. જૈન શ્વે. મૂ. તપાસંઘના ઉપક્રમે એક યુવા-શિબિરનું આયોજન થયેલ. આ યુવા શિબિરમાં આશરે ૫૦૪ યુવકોએ ભાગ લીધેલ.

શિબીરમાં પૂ. મુનિરાજે જૈન ધર્મની આજની પરિસ્થિતી વિશે સચોટ માર્ગદર્શન આપી આજનો યુવક શા માટે ધર્મ-પ્રત્યેથી પોતાના જીવનને અળગું રાખે છે. તથા આજનો યુવાન ટી.વી. વિડિયોના ભયંકર સકંજામાં જે સપડાઇ ગયો છે તેમાંથી કેવી રીતે છૂટવું તેના વિશે જોરદાર દ્રષ્ટાંત સાથે સમજાવીને ઓ! યુવાનો, તમો જ ભવિષ્યના શાસનરક્ષકો છો, જો તમો નહિ જાગો, તમો સત્ત્વહિન બનશો તો ભાવિ પેઢીનું શૂં થશે....? માટે ઓ યુવાનો, યાદ કરો એ સનતકૂમાર ચક્રવર્તિને જેની પાસે અઢળક સંપત્તિ ને રૂપ હતાં છતાં બધૂં છોડી સંયમના માર્ગે ચાલી નીકળ્યા, યાદ કરો એ જોગીદાસ ખુમાણને, કે જે આજ ભાવનગર સ્ટેટનો ખૂંખાર બહારવટિયો હતો જેના નામ માત્રથી લોકો થર થર કાંપતા, છતાં પરસ્રીને માં-બેન સમજતો, અને એક આદર્શ જીવન જીવી ગયો.

આજના યુવાનોમાં જે બીડી-સીગારેટ, પાન-માવા-વિડિયો વગેરે જે અનિષ્ટો ઘૂસી ગયા છે. તેને દૂર કરવા પૂ. મુનિરાજે ઘણી જ સૂંદર રીતે પ્રવચન આપીને યુવાનોને જાગૃત કર્યા છે અને ખરેખર મને કહેવાનું મન થાય છે કે અવશ્ય યુવાનોમાં સાત્ત્વિક્તા અને ધર્મ પ્રત્યેની વફાદારીનો થોડા-ઘણાં અંશે પણ જરૂર ફેરફાર થયો છે.

શિબીરના બંને દિવસો દરમ્યાન શિબીરાર્થી યુવાનો માટે સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

શિબીરના અંતે યુવાનોએ પોતાના અનુભવો અને પોતે ભવિષ્યમાં હવે શૂં કરશે તેના વિચારો રજૂ કરેલ. અંતમાં શિબીરના તેજસ્વી યુવાનોને મહાન લેખક ડો. કુમારપાળ દેસાઇના વરદ્ હસ્તે ઇનામ આપવામાં આવેલ.

મારા અનુભવ મુજબ આવી શિબીરોથી ખરેખર આપણા સમાજમાં યુવાનોમાં પેસી ગયેલો જે યુવાનીનો મદ છે, જે ખરાબ ટેવો છે તે અવશ્ય દૂર થાય છે.

—શ્રી સંજય એસ. ઠાર

---

જે પથિક પાથેય લીધા વિના લાંબી યાત્રા ઉપર નીકળે તે આગળ જતાં ભૂખ-તરસથી પીડાય, તેમ મનુષ્ય ધર્માચરણ કર્યા વિના પરલોક યાત્રા કરે તે અનેક આધિ-વ્યાધિથી પીડાય અને અત્યંત દુ:ખી થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd, No. G, BV. 31

## સુ-વિચાર

જૈન ધર્મ કહે છે કે દેહ અને આત્મા એક નથી. દેહ જુદો છે, ને આત્મભિન્ન છે. દેહ સાધન છે, આત્મા સાધ્ય છે.

તેજ સાંભળવું, બોલવું, જોવું, વાંચવું, વિચારવું, આચરવું, જે જીવનને પવિત્ર બનાવે.

બ્રેક વગરની મોટર નકામી, તેમ ઇન્દ્રિયો અને મન ઉપરના સંયમ વિનાનું જીવન નકામું.

મહાપાપીઓને જૈન શાસન તારે પણ તે પાપ કરતા ડર્યો હોય અને ફરી પાપ નથી કરવા તેવી પ્રતિજ્ઞા કરીને, ન કર તો.



તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only